# અમેરિકાની ઓલ્ડેસ લૉ સ્કૂલ સાથે GNLU યુનિ.એ કર્યા એમઓયુ

## સ્ટુડન્ટસ -ફેકલ્ટી એક્સચેન્જ પોગ્રામ અને જોઈન્ટ રિસર્ચ પર સાથે કામ કરશે

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) એ અમેરિકાની વિલ્યમ એન્ડ મેરી લૉ સ્કૂલ સાથે એજ્યુકેશન એમઓયુ સાઈન કર્યા છે. એમઓયુ અંતગર્ત હવે જીએનએલયુ સ્ટુડન્ટસ એક્સચેન્જ પ્રોગ્રામ, ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામ અને જોઈન્ટ રિસર્ચવર્કના ક્ષેત્રે સાથે મળીને કામ કરશે. એમઓયુથી જીએનએલયુના વિદ્યાર્થીઓ અમેરિકાનું કાયદા શિક્ષણ ભણવાની તક મળશે.

### અમેરિકામાં વ્યવસાયિક શિક્ષણ આપતી પ્રથમ લૉ સ્કૂલ

અમેરિકામાં 1650માં ઉચ્ચ શિક્ષણ આપતી એક જ સંસ્થા હતી. ત્યાર બાદ ઈ.સ 1663માં વિલ્યમ &મેરી યુનિ. સ્થપાઈ. જે તે સમયની ઉચ્ચ શિક્ષણ આપતી બીજા નંબરની યુનિ.માં ગણાય છે. આ યુનિ. દ્વારા અમેરિકામાં પ્રથમ વખત કાયદાનું વ્યવસાયિક શિક્ષણ આપવા માટે ઈ.સ 1779માં લૉ સ્કૂલની સ્થાપના કરી હતી.

### 9 દેશોની 13 યુનિ. સાથે કર્યા એમઓયુ

GNLUના એક્સટર્નલ રિલેશનના ડિન પ્રો. હર્ષા રાજવંશીએ કહ્યુ, છેલ્લા 5 વર્ષમાં 9 દેશોની 13 યુનિ. સાથે એજ્યુકેશનલ એમઓયુ કર્યા છે. જેમાં 8 ફેકલ્ટી અને 40 સ્ટુડન્ટસ એક્સચેન્જ પ્રોગ્રામમાં જોડાઈ ચૂક્યા છે.

Scanned by CamScanner